**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૩.૦ ડીગ્રી
લઘુતમ : ૧૪.૫ ડીગ્રી
ભેજ
સવારે ૭૮ ટકા ● સાંજે ૩૬ ટકા

# સંસ્કૃતિ કુંજના આકર્ષણમાં ઝાંખપ

## સંસ્કૃતિ કુંજની રોનક ઓસરાઈ : પાર્કિંગની અવ્યવસ્થા, ફુડકોર્ટ દૂર હોવાથી મુલાકાતીઓમાં નારાજગી
## સંસ્કૃતિ કુંજમાં ડોકરાની જ્વેલરી, વાંસ અને જુટની હેન્ડમેઈડ વસ્તુ સાથે અનેક ચીજવસ્તુઓના સ્ટોલ







### સંસ્કૃતિ કુંજમાં આયોજકો ઉત્સુક, પણ શહેરીજનો ઉદાસીન

સંસ્કૃતિ કુંજ ખાતે વસંતોત્સવ શહેરમાં વર્ષોથી યોજાય છે અને પહેલાના વર્ષોમાં શહેરીજનો માટે યોજાતા વસંતોત્સવ એ આકર્ષણનું કેન્દ્ર રહેશે. શહેરીજનો કાગડોળે વસંતોત્સવની રાહ જોઈ રહ્યા હોય અને શરૂઆતના દિવસોથી જ શહેરીજનો વસંતોત્સવની મુલાકાત લઈ લાઈન લગાડતા પરંતુ હવેના વર્ષોમાં વસંતોત્સવનું આકર્ષણ પહેલા જેવું દેખાઈ રહ્યું નથી. એમાં પણ આ વર્ષે સંસ્કૃતિ કુંજના આકર્ષણમાં ઝાંખપ જણાઈ રહી છે. સંસ્કૃતિ કુંજમાં માહોલ બનતો જ નથી અને શહેરીજનો પણ અહીંની અવ્યવસ્થાને લીધે સંસ્કૃતિ કુંજની મુલાકાતે જવાનું ટાળતા હોય તેવું લાગી રહ્યું છે. ભેખડ અને કોતરોની વચ્ચે જે સાંસ્કૃતિક નૃત્યો યોજવામાં આવે છે તેનું આ વર્ષે મહત્વ ઓછું હોય તેમ જણાઈ રહ્યું છે. આયોજકોએ આ નૃત્યોની પ્રસ્તુતિનો સમય વહેલા કરી દેતા અહીં સંખ્યા ઓછી જણાય છે. સાથે ગુજરાતી કલાકારોના સંગીત કાર્યક્રમમાં જવા માટે વધુ ઉત્સુકતા હોય તેમ જણાઈ રહ્યું છે. આ બંને કાર્યક્રમોના સમય એક સાથે રાખેલા હોવાથી અવ્યવસ્થા ઉભી થઈ રહી છે. આ ઉપરાંત અહીં મુખ્ય પાર્કિંગની અવ્યવસ્થા શહેરીજનો માટે શીરદર્દ બની છે. સરિતા ઉદ્યાનની સામે રાખેલી પાર્કિંગ વ્યવસ્થાથી કિલોમીટર જેટલું ચાલીને સંસ્કૃતિ કુંજના ગેટ સુધી જવું ત્યાં ભેખળોમાં પણ અવ્યવસ્થિત રીતે ચાલીને પાછા ફરતી વખતે પાર્કિંગ સુધી જવામાં મુશ્કેલી વર્તાઈ રહી છે. આ ઉપરાંત પહેલા ફકત ગાંધીનગરાઓના મનોરંજન માટે ખુલ્લો મુકેલો કાર્યક્રમમાં હવે બહારના ગામથી કાર્યક્રમ જોવા લવાતી બસના પેસેન્જરો પૂરતો સિમિત રહી ગયો હોય તેમ લાગી રહ્યું છે. મુલાકાતીઓ તેમ કહેતા જણાઈ રહ્યા છે કે, જો પાર્કિંગ આટલા દૂર જ રખાશે તો અમારે સંસ્કૃતિ કુંજની મુલાકાત લેવાનું ટાળવું પડશે. આ ઉપરાંત સંસ્કૃત કુંજમાં હરતી ફરતી વખતે બાળકો કે મોટોને ભૂખ લાગે તો ફૂડ કોર્ટ નથી અને આટલું ચાલી ફૂડ કોર્ટ સુધી પણ ચાલીને જવામાં તકલીફ પડી રહી છે. સાથે પાર્કીંગ કિલોમીટર જેટલું દૂર છે. આમ સંસ્કૃતિ કુંજના આયોજનમાં આયોજકો ઉત્સુક છે પણ શહેરીજનો ઉદાસ જણાઈ રહ્યા છે.









ગાંધીનગર, તા.૨૬

શહેરમાં વસંતોત્સવનો પ્રારંભ થઈ ગયો છે. સંસ્કૃતિ કુંજ સાથે આ વર્ષે સરિતા ઉદ્યાન અને વર્ષો જુના રેસ્ટોરન્ટને પણ આવરી લેવાયું છે. સંસ્કૃતિ કુંજમાં વિવિધ રાજયોમાંથી આવેલા કારીગરોના સ્ટોલ અને નૃત્ય પરફોર્મન્સ અને સરિતા ઉદ્યાનમાં ગુજરાતના કલાકારો દ્વારા સંગીત કાર્યક્રમ આવનાર તા. ૫ માર્ચ સુધી યોજાશે. આ વર્ષે લગભગ ૨૫૦ જેટલા સ્ટોલ ફાળવવામાં આવ્યા છે જેમાં પાટણના પટોળાથી લઈ છત્તીસગઢના તાંબાના પુતળા, ઓડીસાના ચિત્ર અને ડોકરાના ઘરેણાં, ઉત્તરપ્રદેશથી ફલાવર પોટ, રાજસ્થાનના તીરકામઠા, આંધ્રપ્રદેશથી કાપડ, આસામથી વાંસની ચીજવસ્તુઓ, યુપીથી જુટમાંથી બનેલા વોલ પેઈન્ટીંગ સાથે અનેક ચીજવસ્તુઓ સંસ્કૃતિ કુંજ ખાતે વિવિધ કારીગરો દ્વારા વેચાણમાં મુકાઈ છે.

સંસ્કૃતિ કુંજ વિવિધ કલાત્મક ચીજવસ્તુઓનું કેન્દ્ર હાલ વસંતોત્સવ દરમિયાન બન્યું છે. ભારતના વિવિધ રાજયોમાંથી કારીગરો આવી પોતાની કલા અહીં પ્રદર્શિત કરી રહ્યા છે. જેમાં પાટણના પટોળા, તાંબાના પુતળા, ડોકરાની જવેલરી, તીરકામઠા, જુટની ચીજવસ્તુ ગાંધીનગરવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બની રહેશે. આ ઉપરાંત સંસ્કૃતિ કુંજમાં ડાંગની વનસ્પતિ, હેન્ડ જવેલરી, રાજસ્થાની જવેલરી, સુટ, ખાદીના કાપડ, ઔષધી, હેન્ડમેઈડ અગરબત્તી, ઓર્ગેનિક મધ, હૈદરાબાદના મોતી, બાળકો માટેની મેજીક ગેમ, ઝુમ્મર, જેકો મોતીના હસ્ત બનાવટના સેટ, હેન્ડમેઈડ પરફયુમ અને વિવિધ ચીજવસ્તુઓ, મુખવાસ, રશિયન ડોલ, કારપેટ, સાડી, ડ્રેસ, જામનગરી બાંધણી, રાજસ્થાની ટીકો, રાજસ્થાની મોજડી, હેન્ડમેઈડ ડોલ જેવી ચીજવસ્તુઓ અલગ અલગ સ્ટોલ ઉપર જોવા મળી રહી છે.

## ટૂંક સમયમાં છુટક વેચાતા ખાદ્ય પદાર્થોની ‘‘એક્સપાયરી ડેટ’’ પણ જણાવવી પડશે

ગાંધીનગર, તા. ૨૬

કેટલીકવાર સુંદર આકર્ષક અને તાજી દેખાતી મિઠાઈ ખાધા પછી મ્હોં ખાટું થઈ જાય મતલબ કે મિઠાઈનો સ્વાદ બગડી ગયો હોય તેવું પણ બનતું હોય છે. આવી મિઠાઈ ખાઈ લીધા પછી આરોગ્યની ચિંતા સતાવે અથવા તબિયત લથડે તેવા સંજોગો પણ પેદા થતાં હોય છે. આ પરિસ્થિતિમાં શક્ય છે તે મિઠાઈ વધુ સમયથી પડી રહી હોય અને તેને આરોગવા માટે યોગ્ય ગણાતો સમયગાળો પુરો થઈ ગયો હોય અને તે પછી તેને આરોગવી એ સ્વાસ્થ્ય માટે હાનિકારક હોય. આ સ્થિતિમાં ગ્રાહકોની સુરક્ષા અને હિતને ધ્યાનમાં રાખીને કેન્દ્ર સરકારના ફુડ સિક્યુરિટી એન્ડ સેફટી ઓથોરિટી ઓફ ઈન્ડિયા દ્વારા ખુલ્લી મિઠાઈને વેચતી વખતે તેને આરોગવા માટેનો શ્રેષ્ઠ સમયગાળો એટલે કે ‘‘બેસ્ટ બિફોર’’ ડેટ સત્તાવાર રીતે લખવી પડે તે ફરજિયાત બનાવાશે.

અત્યાર સુધી માત્ર પેકેઝ્ડ મિઠાઈઓ પર ‘‘બેસ્ટ બિફોર’’ ડેટ લખવાનું ફરજિયાત હતુ પરંતુ હવે એફએસએસએઆઈ દ્વારા જાહેર હિતમાં અને ખાદ્ય સુરક્ષા નિશ્ચિત કરવા હવે ખુલ્લી વેચાતી મિઠાઈના કેન્ટેન્ટર્સ કે ટ્રે સહિતના પેકિંગ પર ‘બેસ્ટ બિફોર ડેટ’ લખવું ફરજિયાત તા. ૧ જુન ૨૦૨૦થી અમલમાં આવે તે રીતે આદેશ જારી કરવામાં આવી રહ્યાં હોવાનું જાણવા મળ્યુ છે જેનો મતલબ એ છે કે જે રીતે પેકેઝડ ફુડ પર ‘બેસ્ટ બિફોર’ ફરજિયાત હોય છે તે જ રીતે ખુલ્લામાં વેચાતી મિઠાઈની ગુણવત્તાની બાબતે સરકાર ગુણવત્તા જાળવણી માટે ગંભીરતાપૂર્વક વિચારી રહી છે.

## બ્રિજ નીચેથી મળી આવેલા મૃતદેહના કેસમાં બે ની અટકાયત

ગાંધીનગર,તા.૨૬

ગાંધીનગર-ચિલોડા માર્ગ પર સાબરમતિ નદીના બ્રિજ નીચેથી તાજેતરમાં એક યુવાનનો શંકાસ્પદ હાલતમાં મૃતદેહ મળી આવ્યો હતો. આ બનાવ અંગે પોલીસે તપાસનો દોર લંબાવ્યો હતો. આ બનાવમાં પોલીસે બે શખ્સોની અટકાયત કરી છે. જયારે મૃતક યુવાને ગુરુ પર હુમલો કરતા ચેલાએ માર મારતા યુવાનનું મૃત્યુ થયાનું બહાર આવ્યું છે. બનાવ અંગે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ પાસેથી મળતી વિગતો મુજબ ગાંધીનગર ચિલોડા માર્ગ પર સાબરમતિ નદીના કિનારે આવેલા દશામાતાના મંદિર ખાતે રહેતા બે યુવાનો રામ ખેલામણ જોખુરામ જયસ્વાલ ઉર્ફે યોગી વિજયનાથ ગુરુ ગીરનાર નાથબાવા તેમજ કુલદીપ ઘનશ્યામભાઈ છોટાલાલ બ્રહ્મભટ્ટ ઉર્ફે યોગી વિજયનાથ ગુરુ ગીરનાર (બંને રહે. દશામાતા મંદિર બ્રિજ નીચે લેકાવાડા) ની પુછપરછ કરતા બંને શંકાસ્પદ પોલીસને જણાયા હતા. ત્યારબાદ પોલીસે ખાનગી રાહે બાતમી મળી હતી કે ગત તા.૮-૨-૨૦ ના રોજ યોગી વિજયનાથ કઠલાલ ખાતે ભજનમાં ગયા હતા. અને ચેલો કુલદીપ નાથ ધુણા ઉપર હતો તે સમયે રાજુ ઠાકોર ધુણા પર આવ્યો હતો અને ઓરડીમાંથી ચુંટણી કાર્ડ અને આધારકાર્ડ સહિતના જરુરી કાગળો લઈ ગયો હતો. ત્યારબાદ ફરીવાર સાંજના સુમારે યોગી વિજયનાથ અને કુલદીપનાથ ધુણા પર બેઠા હતા તે સમયે રાજુ ઠાકોર હાથમાં લોખંડની પાઈપ જેવુ હથીયાર લઈને આવ્યો હતો અને યોગી વિજયનાથને માર મારવા લાગ્યો હતો. અને તેમની દાઢી પકડીને નીચે પાડી દીધા હતા. જેથી ચેલો કુલદીપ છોડાવવા માટે વચ્ચે પડતા તેને પણ માર મારવા લાગ્યો હતો. જેથી ચેલા કુલદીપે પાઈપ છીનવી રાજુને માથાના ભાગે મારતા તે નીચે પડી ગયો હતો અને લોહી નીકળતુ હતું ત્યારબાદ થોડા સમય પછી તે મૃત્યુ પામ્યો હતો. યોગી વિજયનાથે ચેલા કુલદીપને મૃતદેહ નદીના ખાડામાં ફેંકી દેવા કહ્યું હતું. જેથી ચેલા એ મૃતદેહ નદીના ખાડામાં ફેંકી દીધો હતો. પોલીસે મૃતદેહને કોતરોમાં ફેંકી પુરાવાનો નાશ કરવાનો ગુનો કર્યો હતો. જેને પગલે પોલીસે ગુરુ-ચેલા સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## ડયુબોલની રાષ્ટ્રીય સ્પર્ધાઓમાં ઉત્કૃષ્ઠ દેખાવ કરનાર ગુજરાતની ટીમમાં પાટનગરના ખેલાડીઓ





ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગરના યુવા ખેલાડીઓ સહિતની ગુજરાતની ડયુબોલની ગર્લ્સ ટીમે તાજેતરમાં મહારાષ્ટ્રના નાગપુર ખાતે રમાયેલી વેસ્ટઝોન નેશનલ ચેમ્પિયનશીપમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું છે. આ ઉપરાંત ફેડરેશન કપ ડયુબોલ ચેમ્પિયનશીપમાં પણ આ ટીમે ઉત્કૃષ્ઠ દેખાવ કરતાં દ્વિતિય સ્થાન પ્રાપ્ત કર્યું છે. આ સાથે વેસ્ટઝોન નેશનલ ચેમ્પિયનશીપમાં બોયઝ ટીમે પણ દ્વિતિય સ્થાન પ્રાપ્ત કર્યું છે.

ગાંધીનગરમાં યુવા વર્ગના ખેલાડીઓમાં હેન્ડબોલ તથા ડયુબોલ જેવી રમત વધુ લોકપ્રિય બનતી જાય છે અને વધુને વધુ યુવાનો આ રમતોમાં ભાગ લઈ રહ્યા છે. વળી આ રમતની તાલીમ લેવા માટે પણ શહેરમાં બહારના સ્થળો તથા રાજય બહારથી પણ તાલીમાર્થીઓ આવી રહ્યા છે. આ કારણે આ રમતમાં રાજયની ટીમમાં પાટનગરના ખેલાડીઓનું પ્રતિનિધિત્વ અવશ્ય જોવા મળે છે. તા. ૨૧ થી ૨૩ ફેબ્રુઆરી દરમિયાન મહારાષ્ટ્રના નાગપુર ખાતે રાષ્ટ્રીય કક્ષાની બે ડયુબોલ ટૂર્નામેન્ટ યોજાઈ હતી. જેમાં વેસ્ટઝોન નેશનલ ચેમ્પિયનશીપ અને ફેડરેશન કપ ડયુબોલ ચેમ્પિનયશીપનો સમાવેશ થાય છે. આ બંને રાષ્ટ્રીય સ્પર્ધામાં ગુજરાતની ટીમોએ ભાગ લીધો હતો. જેમાં મહિલા વિભાગમાં ગુજરાતની ટીમે વેસ્ટઝોન નેશનલ ચેમ્પિયનશીપમાં પ્રથમ અને ફેડરેશન કપ ડયુબોલ ચેમ્પિનયશીપમાં દ્વિતિય સ્થાન પ્રાપ્ત કર્યું હતું જયારે વેસ્ટ ઝોન નેશનલ ચેમ્પિયનશીપમાં બોયઝ ટીમે પણ ઉત્કૃષ્ઠ દેખાવ કરીને દ્વિતિય સ્થાન હાંસલ કર્યું હતું.

આ સ્પર્ધાઓમાં જે ખેલાડીઓને ઉત્કૃષ્ઠ પ્રદર્શન બદલ સન્માનવામાં આવ્યા તેમાં ગાંધીનગરની કૃતિકા ધુમાલને સ્ટાર ઓફ ધ મેચ એવોર્ડ પ્રાપ્ત થયો હતો. આ ઉપરાંત ગાંધીનગરની ફાલ્ગુની મકવાણા અને પલક નામની ખેલાડીઓ પણ આ ટીમની સભ્ય હતી જે ત્રણે ખેલાડીઓ વાવોલની મહેશ્વરી એકેડેમીમાં તાલીમ મેળવી રહી છે.

## વિધાનસભાની મુલાકાત સાથે બાળકોને પાટનગરના પ્રવાસન સ્થળો જોવાનો લ્હાવો મળ્યો..!!!



ગાંધીનગર રાજયનું પાટનગર છે અને તે સાથે સાથે એક પ્રવાસન સ્થળ પણ છે. પાટનગર હોવાને નાતે અહીં રાજયની વિધાનસભા આવેલી છે અને પ્રવાસનસ્થળ તરીકે આ શહેરને પ્રસ્થાપિત કરતા સ્થળો જેવા કે ઈન્દ્રોડા પ્રકૃતિઉદ્યાન, અક્ષરધામ, દાંડીકુટિર, સ્વર્ણિમ પાર્ક, સરિતાઉદ્યાન, ધોળેશ્વર મહાદેવ સહિતના ઘણા આકર્ષણો મોજુદ છે. ગાંધીનગર નજીકના ચાંદખેડાની ગુજરાત હાઉસીંગ બોર્ડ પ્રાથમિક શાળાના બાળકોને આજે એક સાથે રાજકીય પાટનગર અને પ્રવાસન સ્થળ બંનેનો બેવડો લાભ પ્રાપ્ત થવા પામ્યો હતો.

ચાંદખેડાની ગુજરાત હાઉસીંગ પ્રાથમિક શાળાના બાળકોને વિધાનસભાની કાર્યવાહી લાઈવ દેખાડવાનું મન શાળાના સામાજિક વિજ્ઞાનના શિક્ષકને થયું હતું જેથી બાળકોને માત્ર પુસ્તકિયું જ્ઞાન કે ‘‘મોક પાર્લામેન્ટ’’ના જ આધારે ના રહેવુ પડે અને પ્રત્યક્ષ અનુભવથી સરકારની કામગીરી સમજી શકે. આ હેતુથી આજે ચાલુ થતા વિધાનસભાના સત્રની બાળકોને મુલાકાત કરાવવા શાળાના આચાર્ય સમક્ષ પ્રસ્તાવ મુક્યો હતો જેને આચાર્યએ વધાવી લેવા સાથે બાળકોને ગાંધીનગરના પ્રવાસન સ્થળોનો શૈક્ષણિક પ્રવાસ પણ સાથે ગોઠવી દેવા સૂચન કર્યુ હતુ. જેને અનુલક્ષીને આજે શાળાના ધોરણ ૬ થી ૮ ના ૭૧ બાળકો અને ૪ શિક્ષકોએ સવારે પ્રવાસનો પ્રારંભ કર્યો હતો. સવારે પહેલા તેમણે અડાલજની વાવની મુલાકાત લઈ દાંડી કુટિર જોયા બાદ સેક્ટર-૧૨ માં ઉમિયા મંદિરે દર્શન કરી ભોજન ગ્રહણ કર્યુ હતુ. આ પછી તેમણે બાળકોને વિધાનસભાની મુલાકાત કરાવી જીવંત કામગીરી દેખાડી હતી. બપોરે પછી તેમણે ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાન, સરિતાઉદ્યાન થઈને સાંજે અક્ષરધામની મુલાકાતનું આયોજન કર્યુ હતુ જેના કારણે બાળકોને એક સુંદર શૈક્ષણિક પ્રવાસનો લાભ પ્રથમ થયો હતો.

## મુવી હાઉસ

**પી.વી.આર, સિનેમેક્સ, સે-૧૧**

**ભૂત પાર્ટ વન : ધ હોન્ટેડ શીપ**
૯.૦૦, ૧૧.૩૫, ૧.૧૫, ૨.૧૦, ૪.૪૫, ૭.૨૦, ૯.૫૫, ૧૦.૫૫
**શુભ મંગલ ઝયાદા સાવધાન**
૯.૦૦, ૧૦.૩૦, ૧૧.૪૫, ૨.૩૦, ૪.૧૫, ૫,૧૫, ૭.૦૦, ૮.૦૦, ૯.૪૫, ૧૦.૪૫
**લવ આજ કલ ૨૦૨૦**
૧૧.૧૫, ૫.૦૫
**મલંગ**
૨.૧૫, ૮.૦૫

**આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૨૧**

**શુભ મંગલ ઝયાદા સાવધાન**
૯.૨૫, ૧૦.૧૫, ૧૨.૦૦, ૧.૫૦, ૨.૪૦, ૩.૩૫
**ભૂત પાર્ટ વન : ધ હોન્ટેડ શીપ**
૯.૩૫, ૧૧.૧૦, ૧૨.૧૦, ૨.૫૦, ૪.૩૦, ૫.૩૦, ૮.૧૦, ૯.૫૦, ૧૦.૫૦
**લવ આજ કલ ૨૦૨૦**
૧૦.૪૦, ૪.૨૫, ૭.૨૦, ૧૦.૧૫
**મલંગ**
૧.૩૫, ૬.૧૦
**તાન્હાજી** - ૧૨.૫૦

**સિટી પલ્સ, કુડાસણ**

**શુભ મંગલ ઝયાદા સાવધાન**
૧૨.૩૦, ૩.૩૦, ૫.૦૦, ૬.૩૦, ૧૦.૦૦
**ભૂત ધ હોન્ટેડ શીપ**
૯.૩૦, ૧૨.૦૦, ૨.૩૦, ૭.૩૦
**લવ આજ કલ ૨૦૨૦**
૧૨.૪૫
**મલંગ**
૯.૪૫
**તાન્હાજી**
૩.૪૫
**ચાલ જીવી લઈએ (ગુજરાતી)**
૬.૪૫

**આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૧૬**

**શુભ મંગલ ઝયાદા સાવધાન**
૯.૧૦, ૧૦.૪૫, ૧૧.૪૫, ૧૨.૪૫, ૧.૨૦, ૨.૨૦, ૩.૨૦, ૩.૫૫, ૪.૫૫, ૬.૩૦, ૭.૩૦, ૯.૦૫, ૧૦.૦૫
**ભૂત પાર્ટ વન : ધ હોન્ટેડ શીપ**
૯.૨૦, ૧૦.૧૫, ૧૧.૫૫, ૧.૨૫, ૨.૩૦, ૫.૦૫, ૭.૪૦, ૯.૧૫, ૧૦.૧૫
**લવ આજ કલ ૨૦૨૦**
૧૦.૩૦, ૪.૦૦, ૯.૪૫
**મલંગ** - ૬.૫૫
**સ્ટ્રીટ ડાન્સર ૩-ડી**
૬.૧૫

## સ્મિત મ્યુઝિક કલબ દ્વારા ઓરકેસ્ટ્રા નાઈટ યોજાશે

ગાંધીનગર, તા.૨૬

શહેરના સ્મિત મ્યુઝિક કલબ દ્વારા તથા કિશોર કલાસિસ, ઉમિયા ઈલે., પ્રિયા સાડી દ્વારા પ્રાયોજીત કાર્યક્રમ ‘દિવાનો સે મત પુછો ઓરકેસ્ટ્રા નાઈટ’ તા. ૧ માર્ચના રોજ રાત્રે ૯ કલાકે ડૉ. આંબેડકર હોલ ખાતે યોજાશે. જેમાં ગુજરાતી ફિલ્મ ફેમ અભિનેત્રી જીનલ રાવલ ખાસ ઉપસ્થિત રહી પરફોર્મન્સ રજૂ કરશે. આ શોમાં ખાસ ઓડિયન્સમાં ઉપસ્થિત સિંગર્સને ગાવાની તક આપવામાં આવશે. સ્મિત મ્યુઝિકના જયોતિ ગજ્જર દ્વારા શહેરીજનોને આ નિ:શુલ્ક કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા જણાવાયું છે.

## ચિરવિદાય

- સ્વ. તારાબેન દશરથલાલ પંડયા, ઉ.વ. ૯૦
- સ્વ. સુમીત્રાબેન બચુભાઈ દંતાણી, ઉ.વ. ૫૦
- સ્વ. ઠાકર કિરીટકુમાર જયંતિલાલ, ઉ.વ. ૪૫
- સ્વ. ઠાકોર મોતીબેન શિવાજી, ઉ.વ. ૧૦૦
- સ્વ. રાઠોડ પુષ્પરાજસિંહ રતનસિંહ, ઉ.વ. ૫૩
- સ્વ. જાની શારદાબેન ભાલચંદ્ર, ઉ.વ. ૬૯
- સ્વ. રાણા કલ્પનાબેન લક્ષ્મણસિંહ, ઉ.વ. ૫૪